# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 07-12-2025 Day: Sunday Morning : 07.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **નેહલ ઠક્કર** વાંચે છે.

---

## અમિત શાહ-બનાશ ડેરી:

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે ગઈકાલે જાહેરાત કરી છે કે સરકાર ડેરી ક્ષેત્રમાં સરક્યુલર અર્થતંત્ર મોડેલ લાગુ કરીને આગામી પાંચ વર્ષમાં પશુપાલકોની આવકમાં 20 ટકાનો વધારો કરવાનો લક્ષ્યાંક ધરાવે છે.

બનાસ ડેરીના બાયો-સીએનજી અને ખાતર પ્લાન્ટનું ઉદ્ઘાટન અને બનાસ ડેરીના અત્યાધુનિક 150 ટીપીડી દૂધ પાવડર અને બાળક ખોરાક પ્લાન્ટનો શિલાન્યાસ કર્યા પછી, સણાદરમાં એક જાહેર સભાને સંબોધતા મંત્રીએ આ જાહેરાત કરી હતી.

મંત્રીએ ચાર મુખ્ય ધ્યેયો પર ધ્યાન કેન્દ્રિત કરીને શ્વેત ક્રાંતિ 2.0 ની સફળતા સુનિશ્ચિત કરવાનું વચન આપ્યું હતું, જેમાં સુધારેલ રાષ્ટ્રીય ગોકુલ મિશન,પશુપાલન માળખાગત સુવિધા, રાષ્ટ્રીય પશુ રોગ નિયંત્રણ કાર્યક્રમ અને ડેરી વિકાસનો સમાવેશ થાય છે.

**------------------------------------------------------------------------------------------**

## કચ્છ SIR કામગીરી:

હાલે ચાલી રહેલી એસઆઈઆરની કામગીરી હેઠળ ગાંધીધામ વિધાનસભા વિસ્તારમાં 100 ટકા ડીજીટાઈઝેશનની કામગીરી પૂર્ણ થઇ ગઈ છે. ગાંધીધામ વિધાનસભા વિસ્તારમાં આવેલા 308 મતદાન મથક પર 3 લાખ 18 હજાર 027 મતદારોનું ડિજિટાઝેશન પૂર્ણ થઈ ગયું છે. જ્યારે કચ્છના અબડાસામાં આવેલા 375 મતદાન મથક પર 99.98% કામગીરી પૂર્ણ થઈ છે. માંડવીમાં 280 મતદાન મથકો પર 99.61%, ભુજના 304 મતદાન મથકો પર 99.93%, અંજારના

288 મતદાન મથકો પર 99.73% અને રાપરના 293 મતદાન મથકો પર 99.96% કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. કચ્છમાં નોંધાયેલા 16 લાખ 90 હજાર 584 મતદારોની સામે 16 લાખ 88 હજાર 410 મતદારોનું ડિજિટાઈઝેશન પૂર્ણ થયું છે એટલે કચ્છમાં 99.87 ટકા કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે.

---

## S.I.R –કામગીરી બી.એલ.ઓ.:

ગુજરાત સહિત અનેક રાજ્ય અને કેન્દ્ર શાસિત પ્રદેશમાં મતદાર યાદી સઘન સુધારણા ઝુંબેશનું કાર્ય ચાલી રહ્યું છે. આ ઝુંબેશમાં ગણતરીનો તબક્કો 11 મી ડીસેમ્બર સુધી ચાલશે અને ડ્રાફ્ટ મતદાર યાદી 16 ડિસેમ્બર સુધી ચાલશે. કચ્છમાં પણ આ કામગીરી ચરમ પર છે. માધાપરમાં બીએલઓ તરીકે ફરજ બજાવતા હેતલ દેરાસરી આ કામગીરી અંગે માહિતી આપી હતી.

(બાઈટ.. હેતલ દેરાસરી, બી.એલ.ઓ.)

---

## ક્રિકેટ:

ભારતે દક્ષિણ આફ્રિકાને નવ વિકેટે પરાસ્ત કરી ત્રીજી અને અંતિમ વન ડે મેચની સાથે ત્રણ વન ડે મેચની શ્રેણી બે વિરુદ્ધ એક મેચ થી જીતી લીધી છે. દક્ષિણ આફ્રિકાએ 270 રન કર્યા હતા. જેમાં ડી.કોકના 106 રન મુખ્ય હતા. જવાબમાં ભારતની ટીમે એક વિકેટ ગુમાવી 271 રન કરી મેચ જીતી લીધી હતી. વિશાખાપટનમ ખાતેની મેચમાં ભારતના યશસ્વી જયસ્વાલ 116 રન અને વિરાટ કોહલી 65 રને અણનમ રહ્યા હતા.  રોહિત શર્માએ 75 રન કર્યા હતા. આપણી ટીમના કુલદીપ યાદવ અને પ્રસિદ્ધ કૃષ્ણાએ દક્ષિણ આફ્રિકાની ચાર-ચાર વિકેટ ખેરવી હતી.

---

## હવામાન:

જીલ્લામાં ભેજનાં વધેલાં પ્રમાણ સાથે ધૂંધળું વાતાવરણ સર્જાતાં લઘુતમ પારો એકથી બે ડિગ્રી ઊંચકાયો છે. તાપમાન સહેજ ઊંચકાવા સાથે પવનની ઝડપ ઘટતાં ઠંડીની તીવ્રતામાં આંશિક ઘટાડો જોવા મળ્યો છે. નલિયામાં પારો ઊંચકાઇને 12.6 ડિગ્રીએ પહોંચવા છતાં રાજ્યનાં શીત મથકોમાં નલિયાએ મોખરાનું સ્થાન જાળવી રાખ્યું હતું. સવારના ભાગે વાતાવરણમાં ધુમ્મસની અસર જોવા મળી હતી. જિલ્લા મથક ભુજમાં 15.6, તો અંજાર-ગાંધીધામમાં 13.2 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. રાજ્યમાં નલિયા પછી અંજાર-ગાંધીધામ બીજા નંબરનાં ઠંડાં મથક બન્યાં હતાં. હવામાન વિભાગે આગામી સપ્તાહ દરમિયાન તાપમાનમાં કોઇ મોટા ફેરફારની શક્યતાને નકારી છે.

---

## શિક્ષણ બોર્ડ-10,12ની પરીક્ષા ફોર્મ મુદત:

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ફેબ્રુઆરી-માર્ચ 2026માં યોજાનારી ધોરણ 10 અને 12ના વિવિધ પ્રવાહોની પરીક્ષાઓ માટેના ફોર્મ ભરવાની મુદતમાં વધારો કરવામાં આવ્યો છે. અગાઉ આ  ફોર્મ ભરવાની તારીખ 6 ડીસેમ્બર હતી જેમાં હવે વિદ્યાર્થીઓ 10મી ડિસેમ્બર સુધી રેગ્યુલર ફી સાથે અને 11 થી 22 ડિસેમ્બર સુધી લેટ ફી સાથે ફોર્મ ભરી શકશે.

---